ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૬/૨૨-૨૩/ 159 તારીખ : 11 JAN 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૬૬/૨૨-૨૩

પ્રતિ,
**ગીતાબેન બંધુભાઈ ચાવડા,**
**સ.નં.૨૦ પૈ ૧/૪, પૈ૧ પૈ૨ પૈ૨**
**ગામ-થાળા,**
**તા.શિહોર,**
**જી.ભાવનગર.**

**મો.નં- ૯૪૨૮૪ ૦૧૯૯૪**

**વિષય : ખેતીવાડી વપરાશનું નવું વિજ કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૮/૧૧/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૦/૧૧/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૬/૨૨-૨૩/૩૬૩૭ તા.૧૧/૧૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૬/૨૨-૨૩/૩૯૯૮ તા.૧૬/૧૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૬/૧૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, **શિહોર.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૬/૨૨–૨૩** ☜

વાદી :– **ગીતાબેન બંધુભાઈ ચાવડા,**

◊ **વિરૂધ્ધ** ◊

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૬/૧૨/૨૦૨૨** ◈

હાજર રહયા :– વાદી ગેરહાજર

પ્રતિવાદી :– **શ્રી એસ.જી. પંચાલ – ના. ઇજનેરશ્રી, ગ્રામ્ય વિભાગીય કચેરી , ભાવનગર**
**શ્રી એસ.આર. ચૌધરી : સુપ્રી. એકાઉન્ટ, ગ્રામ્ય વિભાગીય કચેરી , ભાવનગર**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

ગીતાબેન બંધુભાઈ ચાવડા, મું.થાળા, તા.શિહોર, જી.ભાવનગરની ખેતીવાડી વપરાશનું નવું વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૬/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૬/૨૨–૨૩/૩૬૩૭ તા.૧૧/૧૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૬/૧૨/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી હાજર રહેલ નથી, તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.જી. પંચાલ – નાયબ ઇજનેરશ્રી, ગ્રામ્ય વિભાગીય કચેરી , ભાવનગર, તેમજ શ્રી એસ.આર. ચૌધરી : સુપ્રી. એકાઉન્ટ, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રીમતી ગીતાબેન બંધુભાઈ ચાવડા, ગામઃ થાળા ની ખેતીવાડી નવા વીજ જોડાણમાં ટીસી ફાળવી કનેકશન ચાલુ કરવા બાબતની રજુઆત હતી. જે ટ્રાન્સફોર્મર સમયસર ના મળતા તેમેની પિયતને પાણી ન મળતા શીંગ નો પાક નિષ્ફળ ગયેલ હોઈ સત્વરે કનેક્શન ચાલુ કરી આપવા વિનંતી કરેલ છે.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સદર બાબતે નાયબ ઈજનેર શિહોર રૂરલ પેટા વિભગીય કચેરી દ્વારા સંદર્ભ પત્ર નં–૩ થી પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે. તે મુજબ વાદી દ્વારા તા.૧૫/૧૧/૨૦૨૨ ના રોજ જરૂરી ટેસ્ટ રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદી દ્વારા તા.૨૨/૧૧/૨૦૨૨ ના રોજ જરૂરી મીટર સર્વિસ લગાવીને આ વીજ જોડાણનો વીજ પુરવઠો શરૂ કરી દેવામાં આવેલ છે.
જે આપ સાહેબની જાણ સારૂં.

P.G.V.C.L. Bhavnagar. Grievance Redressal Forum

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રીમતી ગીતાબેન બંધુભાઈ ચાવડા, ગામ–થાળા, તા.સિહોર દ્વારા તેમને પ્રતિવાદી દ્વારા નવા ખેતીવાડી કનેકશન માટે ટ્રાન્સફોર્મર ન મળવા બાબતની રજુઆત ફોરમ ને કરેલ છે.

૩.૨ આજરોજ રૂબરૂ સુનાવણીમાં પ્રતિવાદી ના પ્રતિનિધિ હાજર છે. વાદી ગેરહાજર છે. ફોરમ દ્વારા મોકલવામાં આવેલ નોટીસ તેમને મળેલ છે. પરંતુ, તેઓ દ્વારા કોઈ મુદત માંગવામાં આવેલ નથી કે હાજર રહેલ નથી.

૩.૩ પ્રતિવાદી એ આજરોજ લેખિત તેમજ મૌખિક રજુઆત કરેલ છે, જેને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, વાદી દ્વારા તા.૧૮/૦૪/૨૦૨૨ ના રોજ નવા ૧૫ હો.પા. ના ખેતીવાડી કનેકશન માટે અરજી કરેલ, જે માટેનો પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ એસ્ટીમેટ તા.૩૦/૦૬/૨૦૨૨ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૪ પ્રતિવાદી દ્વારા તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજ વર્ક કમ્પલીશન કરેલ તથા લાઈન કામ પુર્ણ થયા બાદ તા.૨૧/૧૦/૨૦૨૨ ના રોજ (TMN) ૨ મહીનાની નોટીસ થી ટેસ્ટ રીપોર્ટ રજુ કરવા જણાવેલ. વાદી દ્વારા તા.૧૫/૧૧/૨૦૨૨ ના રોજ ટેસ્ટ રીપોર્ટ રજૂ કર્યેથી પ્રતિવાદી દ્વારા તા.૨૨/૧૧/૨૦૨૨ થી કનેકશન શરૂ કરી આપેલ છે.

૩.૫ ઉપરોક્ત પ્રતિવાદી ની કાર્યવાહી ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, પ્રતિવાદી દ્વારા ૧૨૦ દિવસની અંદર કનેકશન સ્ટાર્ટ કરી આપેલ છે જે GERC Norms મુજબ છે. આમ, વાદી ની ફરીયાદનું નિરાકરણ કરવામાં આવેલ હોઈ, ફરિયાદનું કારણ સાબીત ન થતું હોઈ, ફોરમે કશો હુકમ કરવાનો રહેતો નથી. **વાદી ની અરજી નો નિકાલ કરવામાં આવે છે.**

<u>**–:: હુકમ ::–**</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

તારીખ :– ૨૬/૧૨/૨૦૨૨.